	सत्यमेव जयते	દાખલ તારીખ :–	૧૦/૦૩/૨૦૨૫		
		રજીસ્ટર તારીખ:–	૧૦/૦૩/૨૦૨૫		
		ફેસલ તારીખ :–	૨૪/૦૪/૨૦૨૬		
		સમયગાળો	**વર્ષ– માસ–દીવસ**		
			૦૧	**૦૧**	**૧૪**

વસોનાં મે. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીની કોર્ટમાં, મું.વસો. જિ.ખેડા	
તારીખ : ૨૪/૦૪/૨૦૨૬ ફોજદારી કેસ નં.૧૦૬/૨૦૨૫ આંક– ગુનો :–ધી નેગોશ્યીબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબ	
ફરિયાદી.	**ધર્મેન્દ્ર વિષ્ણુભાઈ પટેલ, ઉ.વ.૫૦, ધંધો–વકીલાત તથા ખેતી, રહે.પલાણા મુ.પલાણા, તા.વસો, જી.ખેડા**
ફરિયાદી તર્ફે	**વિ.વકીલ શ્રી એસ.એમ.મલેક**
વિરૂધ્ધ	
આરોપી	**અશ્વિનકુમાર જયંતીલાલ પટેલ, ઉ.વ.પુખ્ત, ધંધો–વેપાર, રહે.એ–૮, અમરનાથ–૨, પુનેશ્વર મહાદેવ પાસે, કપડવંજ રોડ, મુ–પો–નડીઆદ, તા.નડીઆદ જી.ખેડા**
આરોપી તર્ફે	**વિ.વ.શ્રી એચ.ડી.સોલંકી**

જ જ મે ન્ટ

ફરિયાદની હકીકત

(૧) આ કામે ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,ફરિયાદી ઉપર જણાવેલ સરનામે રહે છે અને ખેતી અને વકીલાત કરીને પોતાનું તથા પોતાના પરિવાર જીવનનિર્વાહ ચલાવે છે અને આ કામના તો.દાર ફરિયાદીના મિત્ર થતાં હોય અને અવાર–નવાર મળતા હોય અને અવાર–નવાર મુલાકાતના પરિણામે તોહમતદાર સાથે ખૂબ નજીકના સંબધો ફરિયાદી સાથે થયેલા અને આ કામના તોહમતદારને પોતાના દીકરાને કેનેડા મોકલવાનો હોય તે માટે બાર માસ નાણાની જરૂર હોય ઓક્ટોમ્બર ૨૦૨૩ માં રૂપિયા ૧૦,૦૦,૦૦૦/– (અંકે દસ લાખ પૂરા/–)ફરિયાદી પાસે મંગેલા અને તોહમતદારની નાણાકીય જરૂરિયાત સંબધે અને જૂના વ્યવહારને ધ્યાને રાખી તોહમતદારને તા–૧૭/૧૦/૨૦૨૩ ના રોજ ૩,૬,૦૦,૦૦૦/–(અંકે છ લાખ પૂરા/–)અને ૨૦/૧૦/૨૦૨૩ ના રોજ રૂપિયા, ૪,૦૦,૦૦૦/–(અંકે ચાર લાખ પૂરા/–)એમ કુલલે રૂપિયા, ૧૦,૦૦,૦૦૦/–(અંકે દસ લાખ પૂરા/–)હાથ ઉછીના રોકડા તોહમતદારને જે–તે સમયે આપેલા જે નાણાં બાર માસમાં પરત ચુકવી દેવાનો વાયદો તોહમતદારે ફરિયાદીને કરેલો હતો. આમ, કામના તો.દારનાઓએ કરેલ વાયદા મુજબ બાર માસ પછી ફરિયાદીએ તો.દાર પાસે ઉઘરાણી કરતા તોહમતદારે નાણાંની ચૂકવવાની જવાબદારી પેટે એક્ષીસ બેન્ક, પીજ રોડ નડીઆદ શાખામાં આવેલ તોહમતદારના ખાતાનો ૩,૧૦,૦૦,૦૦૦/– અંકે દસ લાખ પૂરાનો તા–૦૫/૧૧/૨૦૨૪ ના રોજનો ફરિયાદીના નામનો ૦૯૧૭૬૩ નંબરવાળો એકાઊંટ પેઈ ક્રોસ ચેક આપેલો જે ચેક માં તોહમતદારે ફરિયાદીની હાજરીમાં ગુજરાતીમાં સહી કરેલી અને જણાવેલ કે ચેક બેન્કમાં ભરી તમારા કાયદેસરના માંગતા લેણા રૂપિયા વસુલ મેળવી લેજો.તોહમતદારે આપેલ ચેક ફરિયાદીએ તા–૦૬/૦૧/૨૦૨૫ ના રોજ તેમની બેન્ક ઓફ બરોડા, પલાણા શાખામાં આવેલ ખાતામાં નાણાં વસુલ લેવા જમા કરાવેલો સદર ચેક ક્લીયરિંગમાં જતાં તોહમતદારે આપેલ ચેક વાળા ખાતામાં પુરતુ ભંડોળ ન હોય સદર ચેક વણચૂકવાયેલો રિટર્ન મેમો અને તેમાં જણાવેલ કારણ નંબર (૧) **"ફંડ ઈન સુફિસિયન્ટ"** ના શેરા સાથે ફરિયાદીના બેન્કમાં પરત આવેલો. અને ફરિયાદીની બેંકે તેઓને તા.૦૬/૦૧/૨૦૨૫ ના રોજ જાણ કરેલી. આમ, ફરિયાદીને કાયદેસરની બાકી દેવા પેટે ખોટો ચેક આપી ફોજદારી રાહે ગંભીર ગુનો કરેલ છે અને એ રીતે આ કામના તો.દારે ફરિયાદીની સાથે છેતરપિંડી તેમજ

વિશ્વવાતઘાત કરી તેમજ નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટ ની કલમ ૧૩૮ મુજબનો શીક્ષાને પાત્ર ગુનો કરેલ હોય આ કામ ના તો.દારને ફરિયાદીના વકીલશ્રી મારફતે તા–૩૧–૦૧–૨૦૨૫ ના રોજ રજી.પો.એ.ડી.થી નોટીસ આપેલ હતી જે નોટીસ તો.દારને ગયે તા–૦૧–૦૨–૨૦૨૫ ના રોજ બજી ગયેલ હોવા છતાં તો.દારે નોટીસનો કોઈ જવાબ આપેલ નથી કે ફરિયાદીના કાયદેસરના નાણાં ચૂકતે કરેલ ન હોય તો.દારે નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો શીક્ષાને પાત્ર ગુનો કરેલ હોય તેઓની સામે નામદાર કોર્ટમાં આ ફરિયાદ કરવાની જરૂર પડેલ છે. આમ, આરોપીએ નેગોશીયેબલ ઇન્સ્ટુમેન્ટ એકટની જોગવાઈઓનો ભંગ કરેલ હોઈ, હાલની ફરીયાદ આરોપી વિરુધ્ધ નેગવરીયેબલ ઇન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ રજુ કરેલ છે.

<u>આરોપીની હાજરી અને તેમનુ નિવેદન:–</u>

(૨) આરોપીને સમન્સ બજતાં તેઓ નામદાર કોર્ટ સમક્ષ હાજર થતાં ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૩૦ અન્વયે ફરીયાદ તથા તેની સાથે રજુ તમામ દસ્તાવેજોની નકલો વિનામુલ્યે આરોપીને પુરી પાડવામાં આવેલ. ત્યાર બાદ આરોપીની ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૪ હેઠળ **આંક–૦૭** થી પ્લી નોંધી ગુનો અંગે પુછતા તેઓએ ગુનાનો ઈન્કાર કરેલો અને ન્યાયીક કાર્યવાહીની માંગણી કરતા ફરીયાદ પક્ષનો પુરાવો રજુ કરવા સુચના આપવામાં આવેલ.

(૩) ત્યાર બાદ, ફરીયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક પુરાવો તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

<u>મૌખિક પુરાવો:–</u>

અ. નં.	આંક	મૌખિક પુરાવની વિગત
૧	૦૪	ફરિયાદી ધર્મેન્દ્રકુમાર વિષ્ણુભાઈ પટેલનું સરતપાસનું સોગંદનામું

દસ્તાવેજી પુરાવો:–

અ.નં.	આંક	દસ્તાવેજી પુરાવાની વિગત
૧	૧૫	ફરીયાદીની જમીન સર્વે નં.–૧૦૭૫ વાળી જમીનની ગામ નમૂના નં–૭ ની નકલ
૨	૧૬	ફરીયાદીની જમીન સર્વે નં.–૧૦૭૫ વાળી જમીનની ગામ નમૂના નં–૮/અ ની નકલ
૩	૧૭	ફરીયાદીની જમીન સર્વે નં.–૧૦૭૭/અ વાળી જમીનની ગામ નમૂના નં–૭ ની નકલ
૪	૧૮	ફરીયાદીની જમીન સર્વે નં.–૧૦૭૭/અ વાળી જમીનની ગામ નમૂના નં–૮/અ ની નકલ
૫	૧૯	ફરીયાદીની જમીન સર્વે નં.–૧૦૭૭/બ વાળી જમીનની ગામ નમૂના નં–૭ ની નકલ
૬	૨૦	ફરીયાદીની જમીન સર્વે નં.–૧૦૭૭/બ વાળી જમીનની ગામ નમૂના નં–૮/અ ની નકલ
૭	૨૧	ફરીયાદીની જમીન સર્વે નં.–૧૦૭૮/અ વાળી જમીનની ગામ નમૂના નં–૭ ની નકલ
૮	૨૨	ફરીયાદીની જમીન સર્વે નં.–૧૦૭૮/અ વાળી જમીનની ગામ નમૂના નં–૮/અ ની નકલ
૯	૨૩	ફરીયાદીની જમીન સર્વે નં.–૧૦૭૧ વાળી જમીનની ગામ નમૂના નં–૭ ની નકલ
૧૦	૨૪	ફરીયાદીની જમીન સર્વે નં.–૧૦૭૨ વાળી જમીનની ગામ નમૂના નં–૭ ની નકલ
૧૧	૨૫	ફરીયાદીની જમીન સર્વે નં.–૧૦૭૩ વાળી જમીનની ગામ નમૂના નં–૭ ની નકલ
૧૨	૨૬	ફરીયાદીની જમીન સર્વે નં.–૧૦૭૪ વાળી જમીનની ગામ નમૂના નં–૭ ની નકલ
૧૩	૨૭	અસલ ચેક નં.૦૯૧૭૬૩
૧૪	૨૮	ચેક રિટર્ન મેમો
૧૫	૨૯	ડીમાંડ નોટીસ
૧૬	૩૦	આર.પી.એડી.ની વિન્ડો સ્લીપ
૧૭	૩૧	પોસ્ટની એકનોલેજમેન્ટ પાવતી

૧૮	**૩૨**	નોટીસ બજયાની ટ્રેક કંસાઈન્ટમેન્ટ રીપોર્ટ
૧૯	**૩૩**	ફરીયાદીના આધારકાર્ડની ઝેરોક્ષ

આમ ઉપર મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ફરીયાદ પક્ષ તરફે રજુ થતાં આ સિવાય ફરીયાદ પક્ષે અન્ય કોઈ વધુ પુરાવો રજુ કરવા માંગતા ન હોઈ આંક –૩૪ થી કલોઝીંગ પુરસીસ રજુ કરવામાં આવેલ છે.

(૪) ત્યાર બાદ, આરોપી પક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક પુરાવો તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

<u>મૌખિક પુરાવો:–</u>

અ. નં.	**આંક**	**મૌખિક પુરાવની વિગત**
૧	૩૬	તો.દાર અશ્વિનકુમાર જયંતીલાલ પટેલનું સરતપાસનું સોગંદનામું
૨	૩૭	તો.દાર તરફે સાહેદ અર્જુનસિંહ ઉદેસિંહ ચૌહાણનું સરતપાસનું સોગંદનામું

<u>દસ્તાવેજી પુરાવો:–</u>

અ.નં.	**આંક**	**દસ્તાવેજી પુરાવાની વિગત**
૧	૪૧	સી.સી.નં.૧૦૩/૧૭ ની ફરીયાદની નકલ
૨	૪૨	સી.સી.નં.૪૨૬/૧૭ ની ફરીયાદની નકલ
૩	૪૩	સી.સી.નં.૧૦/૨૫ ની ફરીયાદની નકલ
૪	૪૪	સી.સી.નં.૧૦૭/૨૫ ની ફરીયાદની નકલ
૫	૪૫	સી.સી.નં.૯૪/૧૭ ની ફરીયાદની નકલ
૬	૪૬	સી.સી.નં.૩૧૨૩/૦૯ ની ફરીયાદની નકલ
૭	૪૭	સી.સી.નં.૪૭૨૮/૧૧ ની ફરીયાદની નકલ
૮	૪૮	સી.સી.નં.૩૭૦૫/૧૩ ની ફરીયાદની નકલ
૯	૪૯	સી.સી.નં.૧૦૬/૨૫ ની ફરીયાદની નકલ
૧૦	૫૦	સી.સી.નં.૧૭૭૦/૦૯ ની ફરીયાદની નકલ
૧૧	૫૧	સી.સી.નં.૯૯૩/૧૪ ની ફરીયાદની નકલ

૧૨	૫૭	એક્ષીસ બેંકના મેનેજરશ્રીએ આપેલ ચેક ગુક થયા બાબતની ફરીયાદ
૧૩	૫૮	મહે.પી.આઈ.શ્રી, નડીઆદ ટાઉન કરેલ પો.સ્ટે. ચેક ગુમ થયા બાબતની ફરીયાદ
૧૪	૫૯	મહે.પી.આઈ.શ્રી, નડીઆદ રૂરલ કરેલ પો.સ્ટે. ચેક ગુમ થયા બાબતની ફરીયાદ
૧૫	૬૨	સી.સી.નં.૨૦૭૮/૨૫ ની ફરીયાદની નકલ
૧૬	૬૩	સી.સી.નં.૩૦૫૯/૨૫ ની ફરીયાદની નકલ
૧૭	૬૪	સી.સી.નં.૩૫૯૮/૨૫ ની ફરીયાદની નકલ
૧૮	૬૫	સી.સી.નં.૨૦૭૭/૨૫ ની ફરીયાદની નકલ
૧૯	૬૭	લેખિત દલીલો

(૫) આ કામે ફરીયાદ પક્ષે ઉપરોકત મૌખિક, દસ્તાવેજી પુરાવો રજુ થયા બાદ બી.એન.એસ.એસ. ની કલમ –૩૫૧ અન્વયે આરોપીનુ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ અને આરોપીને તેમની વિરુધ્ધનો પુરાવો વાંચી, સંભળાવી, સમજાવતા આરોપીએ મુખ્યત્વે ફરીયાદીએ ખોટી ફરીયાદ કરેલ હોવાનુ, ખોટો પુરાવો હોવાનુ જણાવે છે, તેમજ તેઓને સોગંદ ઉપર જુબાની આપવી છે કે કેમ? તો હાજી એમ જણાવેલ છે. તેમજ આરોપીને બચાવના સાહેદો તપાસવા છે કે કેમ? તો હાજી એમ જણાવેલ છે, વિશેષમાં કાંઈ કહેવા માંગો છો તે અંગે આરોપીને પુછતા તેઓએ જણાવેલ છે કે, તેઓએ નીરવ ભગુ પટેલને લોન માટે ચેક આપેલો જે લોન ન થતા ચેક પરત માંગેલ પરંતુ આપેલ નથી આ મતલબની અરજી પો.સ્ટે. તથા અમારી બેંકમાં રજૂ કરેલ છે. અમારા ઉપર ખોટો કેસ કરેલ છે.

(૬) **ત્યાર બાદ સદર કામ દલીલોના સ્ટેજ ઉપર રાખવામાં આવેલ.**

ફરીયાદી પક્ષે મૌખીક દલીલ કરેલ છે કે, ફરીયાદીએ પોતાનો કેસ વ્યાજબી

પુરાવાથી પુરવાર કરેલ છે. જયારે આરોપી તરફે મૌખીલ દલીલ કરી આરોપી સામે ખોટો કેસ કરેલાનો બચાવ લીધેલ છે.

(૭) સબબ ઉપરોકત હકીકતે આ કેસના આખરી નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

મુદ્દા

(૧)	શું ફરિયાદપક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ પોતાના કાયદેસરના દેવાની ચુકવણી પેટે ફરીયાદીને **ચેક નં. ૦૯૧૭૬૩** નો આપેલ જે ચેક ફરીયાદીએ પોતાના બેંક ખાતામાં રજૂ કરતા **"ફંડ ઇન શફીશિયન્ટ"** ના શેરા સાથે વગર સ્વીકારાયે પરત ફરતાં **ફરીયાદીએ નિયત સમય મર્યાદામાં આરોપીને નોટીસ મોકલેલી જે નોટીસ આરોપીને બજી ગયેલ** હોવા છતાં આરોપીએ ચેકના નાણાં ફરીયાદીને ન ચુકવી આપી ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ– ૧૩૮ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?
(૨)	શું હુકમ ?

(૮) ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧)	**હકારમાં**
(૨)	**આખરી હુકમ મુજબ.**

ઉપરોકત નિર્ણયના મારા કારણો નીચે મુજબ છે.

મુદ્દા નંબર.૧ :–

(૯) ફરીયાદીએ હાલની ફરીયાદ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ભંગ બદલની કરેલ છે.

<u>મુદ્દા નં. ૧ ની ચર્ચા કરતા પહેલા ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ– ૧૩૮ પુરવાર કરવા માટે નીચે મુજબના તત્વો પુરવાર કરવા આવશ્યક છે.</u>

(૧) આરોપીએ પોતાના ખાતામાંથી ફરીયાદીને નાણાંની ચુકવણી કરવા ચેક લખેલ હોવો જોઈએ.

(૨) આરોપીએ ફરીયાદીને આપેલ ચેક સમગ્ર અથવા અંશત: દેવા અથવા બજી જવાબદારી અદા કરવા માટે આપેલ હતો.

(૩) ચેક, જે તારીખે લખ્યો તે તારીખથી ત્રણ માસમાં બેંકમાં રજૂ કરવામાં આવેલ હોવો જોઈએ.

(૪) ચેક ખાતામાં જમા કરાવતા અપુરતા ભંડોળના કે અન્ય કારણોસર વણ–ચુકવાયેલ પરત થયેલ હોવો જોઈએ.

(૫) ચેક પરત ફર્યાની બેંકમાંથી માહીતી મળ્યા બાદ ફરીયાદીએ એક માસમાં નાણાંની લેખિત માંગણી કરેલ હોવી જોઈએ.

(૬) આરોપીને લેખિત માંગણી વાળી નોટીસ બજી ગયેલ હોવી જોઈએ અને આરોપીને બજવણી થયાથી દીન–૧૫ માં ચેકની રકમ ચુકવવામાં કસુર કરેલ હોવો જોઈએ.

(૭) ત્યાર બાદ એક માસમાં ફરીયાદ થયેલ હોવી જોઈએ.

(૧૦) **આમ, જો આ તમામ તત્વો નિ:શંકપણે પુરવાર કરવામાં ફરીયાદપક્ષ સફળ થાય તો જ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ મુજબનો ગુનો સાબિત થયાનુ માની શકાય.**

સદર કામ અંગેનું સૌ પ્રથમ આવશ્યક તત્વો એ છે કે, તકરારી ચેક કાયદેસરનું દેવું કે જવાબદારી પુરેપુરી કે અંશત: અદા કરવા માટે આપેલ હોવો જોઈએ. જે હકિકત પુરવાર કરવા અંગે સાબિતીનો પ્રારંભીક બોજો ફરીયાદી ઉપર રહે છે. જે બોજાનું ફરીયાદી વહન કરે કે તુરંત જ એન.આઈ.એક્ટની કલમ–૧૩૯ અન્વયે ચેક ધારણ કરનાર યાને કે હાલના ફરીયાદીની તરફેણમાં તેમજ ચેક

આપનાર યાને કે હાલના આરોપીની વિરુધ્ધમાં કાયદાકીય અનુમાન કરવાનુ રહે છે. જે અનુસાર તકરારી ચેક કાયદેસરના દેવા કે જવાબદારીને સંપુર્ણત: કે અંશત: ચુકવણી કરવા માટે જ આપવામાં આવ્યો હોવાનુ અનુમાન કરવાનુ રહે છે. સદર અનુમાન કાયદાકીય અનુમાન છે અને જે ખંડનાત્મક અનુમાન છે. ખંડનાત્મક અનુમાન અંગેનો પુરાવો રજૂ કરવાનો સંપુર્ણ બોજો આરોપી ઉપર છે. સદર ખંડનાત્મક પુરાવો રજુ કરવા માટે કોઈ સીધો કે પ્રત્યક્ષ પુરાવો હોવો જોઈએ તેવુ જરૂરી નથી. આરોપી કેસના રેકર્ડ ઉપર હોય તેવા સંજોગોથી પ્રસ્થાપિત કરી શકે છે કે, જેનાથી તકરારી ચેક કોઈ કાયદેસરના દેવા માટે આપ્યો જ ન હોવાની સંભાવના ઘણી જ પ્રબળ હોય તો તેનાથી પણ સદર અનુમાનનું ખંડન થયાનુ ગણી શકાય છે.

(૧૧) ફરીયાદીએ પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૦૪ થી સરતપાસનુ સોગંદનામુ રજુ કરેલ છે. જેમાં ફરીયાદીએ ફરીયાદમાં જણાવેલ તમામ હકીકતો સરતપાસમાં અક્ષર સહ: જણાવેલ છે. જયારે બચાવ પક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે," હું વકીલાત અને ખેતી નો વ્યવસાય કરુ છુ. ૧૯૯૭–૯૮ થી વકીલાતનો વ્યવસાય કરંુ છુ. એ વાત ખરી નથી કે, હુ તમામ પ્રકારના કાયદાઓનુ જ્ઞાન ધરાવુ છુ. મારા પરીવારમા હ, મારા બે બાળકો તથા મારા પત્ની એમ અમે ચાર સભ્યો છીએ. મારી પુત્રી બી.એસ.સી. નર્સીંગ અને મારો પુત્ર બી.બી. એ મા અભ્યાસ કરે છે. એ વાત ખરી છે કે, મારા પત્ની ગૃહીણી છે. હું વકીલાતના વ્યવસાયમાં છેલ્લા ચાર વર્ષમાં વાર્ષિક આશરે રૂપીયા પંદરથી સત્તરલાખ ની આવક ધરાવુ છુ. મારી દીકરીના ભણતરનો વાર્ષિક રૂપિયા એકલાખ સાઈઠ હજારનો ખર્ચ આવે છે તથા મારા દીકરાના ભણતરનો વાર્ષિક રૂપીયા પાંત્રીસ થી ચાલીસ હજાર નો ખર્ચ આવે છે. અમારી આ સીવાયનો વાર્ષિક ઘરખર્ચ આશરે રૂપીયા એકલાખ વીસ હજાર જેવો આવે છે. મારી આવક જાવકની સરાસરીનો હીસાબ કરતા વાર્ષિક આશરે રૂપીયા ૧૪ થી ૧૫ લાખ ની બચત થાય છે. આરોપી અશ્વિનભાઈ અવારનવાર અમારી ઓફીસ પાસે આવતા અને તેઓ પટેલ સમાજના હોય અને શિક્ષક હોય તેમની સાથે અમારે સબંધ વીકસેલો. અશ્વિનભાઈના પરીવારમા કોણ કોણ છે તે હુ જાણતો નથી. મારે તેમના પરીવાર સાથે નહી પરંતુ

તેમની સાથે સંબંધ હતો. અશ્વિનભાઈ બીલોદરા જતા પુનેશ્વર મહાદેવનુ કપડવંજ રોડ ઉપર મંદીર આવેલું છે ત્યા રહે છે. એ વાત ખરી નથી કે, અશ્વિનભાઈ આ સરનામે રહતા ન હોવા છતા હુ ખોટી હકીકત જણાવુ છુ. અશ્વિનભાઈના રહેણાકના પુરાવો હું રજુ કરવા માંગતો નથી. અશ્વિનભાઈના ઘરે હું બે વખત ગયો છુ બંને વખત ઘર બંધ હતુ. મે મારી ફરીયાદ તથા સોગંદનામા મા અશ્વિનભાઈ વેપાર કરતા હોવાનુ મથાળે જણાવેલ છે તેઓ તેમના વતનમા ખેતી કરે છે. એ વાત ખરી નથી કે, અશ્વિનભાઈ વેપાર કરતા હોવાની વિગત મે ખોટી જણાવેલ છે. અશ્વિનભાઈનું મુળ વતન બાલાસીનોર પાસે કયા ગામ પાસે આવેલુ છે તેની મને ખબર નથી. એ વાત ખરી નથી કે, અશ્વિનભાઈનું મુળ વતન બાલાસીનોર પાસે આવેલુ હોવાનુ વીગત હુ ખોટી જણાવુ છુ. અશ્વિનભાઈના ઘરે કોઈ સારો નરસો પ્રસંગ બનેલ હોય અને હુ તેમા હાજર રહેલ હોઉ તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે, અશ્વિનભાઈ સાથે એકદમ ગાઢ સંબંધ હોય તો તેમના પરીવાર સાથે પણ ઓળખાણ હોય. સાહેદ જણાવે છે કે મારે માત્ર અશ્વિનભાઈ સાથે મિત્રતાના સંબંધ હતા.

પ્રશ્નઃ– જયારે કોઈ વ્યક્તિને નાણા ઉછીના આપવાના હોય ત્યારે તેની રકમ પરત કરવાની આર્થિક સક્ષમતા ની ચકાસણી કરવી જોઈએ?

જવાબ:–મારી મિત્રતા તેમની સાથે એવી હતી કે તેમણે રકમ ચુકવવાની બાહેધરી આપેલી અને કહેલ કે હુ મંડળીમાથી લોન લઈને પણ તમારી રકમ ચુકવી દઈશ. જેથી તેઓ શિક્ષક હોય મે તેમની વાત ઉપર વિશ્વાસ મુકેલો.

એ વાત ખરી છે કે રૂપીયા દશ લાખ જેવી મોટી રકમનુ ધીરાણ કરવુ હોય તો તે અંગે તપાસ કરવી પડે. એ વાત ખરી છે કે, મે હાલનાઆરોપીને રકમનુ ધીરાણ કરતી વખતે કોઈ તપાસ કરેલી નહીં. સાહેદ જણાવે છે કે, તેઓ શિક્ષક હોય અને તેમના પુત્ર નુ ભવિષ્ય બને તેમ હોય મે તેમને રકમ ઉછીની આપેલી. અશ્વિનભાઈની કઈ કઈ મીલકતો આવેલી છે તેની મને ખબર નથી. સાહેદજણાવે છે કે હુ એટલુ જાણુછુ કે અશ્વિનભાઈ શિક્ષક છે અને તેમની ગામમા ખેતીની જમીન આવેલી છે. એ વાતની મને ખબર નથી કે, અશ્વિનભાઈનું નડીયાદમાં મકાન આવેલુ નથી કે ગામડે ખેતીની જમીન આવેલી નથી. એ વાત ખરી નથી કે, અશ્વિનભાઈની ગામડે ખેતી આવેલ હોવાની વિગત હું ખોટી જણાવુ છું."

વધુમાં સ્વીકારે છે કે, "એ વાત ખરી નથી કે, હું વકીલ હોઉં રોજેરોજનો આવકજાવકનો હીસાબ રાખુ છુ. એ વાત ખરી છે કે, હું મારા આવક જાવકના

વાર્ષિક હીસાબો સી.એ.પાસે કરાવું છું. એ વાત ખરી છે કે, મે હાલના કામે આવા કોઈ વાર્ષિક હીસાબો રજુ રાખેલ નથી. હું મારી ખેતીના વ્યવસાયમાથી થતી આવક બેકમાં જમા કરાવતો નથી. જ્યારે વકીલાતમાથી થતી આવક બેંકમા જમા કરાવું છુ.એ વાત ખરી છે કે, હુ મારી ખેતીની તથા વકીલાતની આવક અંગેના આવક વેરા રીટર્ન નીચમીત ભરુ છુ. એ વાત ખરી છે કે અમોએ હાલના કામે કોઈ આવક વેરા રીટર્ન રજુ રાખેલ નથી. હુ બેંક ઓફ બરોડા તથા ઈંડીયન બેંકમાં ખાતુ ધરાવું છું. એ વાત ખરી છે કે મે મારૂ કોઈ બેંક સ્ટેટમેન્ટ હાલના કામે રજુ રાખેલ નથી. એ વાત ખરી છે કે, અમારે આરોપી સાથે થયેલ જૂના વ્યવહારની વિગત મે મારા સૌગંદનામામા દર્શાવેલ નથી. એ વાત ખરી છે કે, ફરીયાદવાળો ચેક આરોપીએ મને કઈ તારીખે આપેલો તે મે મારા સોગંદનામામા જણાવેલ નથી.એ વાત ખરી નથી કે, સરકારના નીચમ મુજબ રૂપીયા વીસહજારથી વધુની રકમ જો મીત્રતા ના નાતે હાથ ઉછીની આપવી હોય તો તે રોકડેથી આપી શકાય નહી. હુ નીરવભાઈ ભગુભાઈ પટેલ ને ઓળખુ છુ. એ વાત ખરી નથી કે તેઓ મારી પાસેથી ઉછીના નાણા લઈ જતા હતા. એ વાત ખરી છે કે આ નીરવભાઈ ભગુભાઈ પટેલ હાલ હયાત નથી. એ વાતની મને ખબર નથી કે, તેમની ઉપર દેવું થઈ જતા તેઓએ આપઘાત કરેલ છે. એ વાત ખરી છે કે, નીરવભાઈ ભગુભાઈ પટેલના આપઘાત કેસમા થયેલ ફરીયાદના કામે લીબાસી પો.સ્ટેશનમા મને જવાબ લેવા બોલાવેલો. એ વાત ખરી નથી કે, આ નીરવભાઈ ભગુભાઈ પટેલે મને એકસીસ બેંક નડીયાદ શાખાના આરોપી અશ્વિનભાઈના ખાતાના ચેક નંબર ૦૯૧૭૬૨, ૦૯૧૭૬૩ અને ૦૯૧૭૬૪ તથા બે ચેક તેમના પત્ની સુધાબેન કાન્તીભાઈ પટેલના ખાતાના સહીતના કુલ પાંચ ચેક આપેલા.એ વાત ખરી નથી કે, નીરવભાઈએ આ ચેક સીક્યુરીટી તરીકે આપીને મારી પાસેથી નાણા ઉછીના મેળવેલા. એ વાત ખરી નથી કે, નીરવભાઈ ભગુભાઈ પટેલ પાસેથી મેળવેલા હાલના ફરીયાદવાળા ચેકનો દુરુપયોગ કરી મે હાલની ખોટી ફરીયાદ કરેલ છે. એ વાત ખરી છે કે હુ કોઈ શરાફી પેઢી કે ધીરધારો ધંધો ધરાવતો નથી. એ વાત ખરી નથી કે, નીરવભાઈ પાસેથી આરોપીના ચેક સીકયુરીટી પેટે લઈ નીરવભાઈને ૫ ટકાના વ્યાજે રકમનુ ધીરાણ કરી તેમની પાસેથી પાંચ ટકા લેખે વ્યાજની વસુલી કરે છે. જો જરૂરીયાત હોય તો બે ત્રણ મિત્રોને હું નાણાં આપી શકુ. એ વાત ખરી નથી કે બે ત્રણ વ્યક્તિઓને નાણા ઉછીના આપવાનું કાર્ય શરાફી પેઢી કે ધીરધારનો ધંધો કરતા જ વ્યકિત કરી શકે.

એ વાત ખરી છે કે અમોએ ફોજદારી કેસ નંબર ૧૦/૨૫ થી આરોપી કેતનકુમાર બીપીનભાઈ પટેલ સામે પણ નેગોશીએબલ ઈ. એકટની કલમ ૧૩૮ મુજબની રૂપીયા ત્રણ લાખની ફરીયાદ કરેલી છે. એ વાત ખરી છે કે અમોએ ફોજદારી કેસ નંબર ૧૦૭/૨૫ થી આરોપી પ્રવીણસીહ શાનસીહ બારીયા સામે પણ નેગોશીએબલ ઈ. એકટની કલમ ૧૩૮ મુજબની રૂપીયા છ લાખની ફરીયાદ કરેલી છે. એ વાત મને યાદ નથી કે, અમોએ ફોજદારી કેસ નંબર ૪૨૬/૧૭ થી આરોપી શર્મીષ્ઠાબેન ધીરુભાઈ સામે વસો કોર્ટમા તથા ફોજદાર કેસ નંબર ૫૧૬/૧૪ થી નડીયાદ કોર્ટમાં નેગોશીએબલ ઈ.એકટની કલમ ૧૩૮ મુજબની ફરીયાદ કરેલી છે અને એ વાત ખરી છે કે, આ કેસ લોકઅદાલતમા સમાધાનથી પુરો થયેલ છે. એ વાત મને યાદ નથી કે, અમોએ ફોજદારી કેસ નંબર ૩૬૫/૧૭ થી આરોપી કમલેશકુમાર ચંદુભાઈ પટેલ સામે પણ નેગોશીએબલ ઈ. એકટની કલમ ૧૩૮ મુજબની ફરીયાદ કરેલી છે. એ વાત ખરી છે કે, અમોએ ફોજદારી કેસ નંબર ૧૦૩/૧૭ થી આરોપી સમીરકુમાર મહેન્દ્રભાઈ પટેલ સામે વસો કોર્ટમા તથા ફોજદાર કેસ નંબર ૭૦૯/૧૪ થી નડીયાદ કોર્ટમાં પણ નેગોશીએબલ ઈ.એક્ટની કલમ ૧૩૮ મુજબની ફરીયાદ કરેલી છે. મને બંને કેસની રકમ હાલ યાદ નથી. એ વાત ખરી છે કે, આ કેસ લોક અદાલતમા સમાધાનથી પુરો થયેલ છે. એ વાત મને હાલ યાદ નથી કે, અમોએ ફોજદારી કેસ નંભર ૯૪/૧૭ થી આરોપી મુસ્તુગ અબ્દુલભાઈ વહોરા સામે વસો કોર્ટમા તથા ફોજદાર કેસ નંબર ૩૭૦૫/૧૩ થી નડીયાદ કોર્ટમાં પણ નેગોશીએબલ ઈ.એક્ટની કલમ ૧૩૮ મુજબની ફરીયાદ કરેલી છે. મને બંને કેસની રકમ હાલ યાદ નથી. એ વાત ખરી છે કે, અમોએ ફોજદારી કેસ નંબર ૫૭/૧૭ થી આરોપી રાજેન્દ્રભાઈ સોલંકી સામે પણ નેગોશીએબલ ઈ.એકટની કલમ ૧૩૮ મુજબની ફરીયાદ કરેલી છે. મને રકમ હાલ યાદ નથી. એ વાત ખરી છે કે, અમોએ ફોજદારી કેસ નંબર ૧૦૩/૧૭ થ આરોપી સમીરકુમાર મહેન્દ્રભાઈ પટેલ સામે પણ નેગોશીએબલ ઈ.એક્ટની કલમ ૧૩૮ મુજબની હરીયાદ કરેલી છે. મને રકમ હાલ યાદ નથી. એ વાત ખરી છે કે, અમોએ ફોજદારી કેસ નંબર ૪૪૨/૧૪ થી આરોપી મનોજભાઈ બળદેવભાઈ પટેલ, દક્ષાબેન મનોજભાઈ પટેલ તથા બળદેવભાઈ ગલાભાઈ પટેલ સામે પણ નેગોશીએબલ ઈ.એકટની કલમ ૧૩૮ મુજબની ફરીયાદ કરેલી છે. મને રકમ હાલ યાદ નથી. એ વાત ખરી છે કે, અમોએ ફોજદારી કેસ નંબર ૬૦૦૨/૧૧ થી

આરોપી મકસુદભાઈ ગનીભાઈ વહોરા સામે પણ નેગોશીએબલ ઈ.એકટની કલમ ૧૩૮ મુજબની ફરીયાદ કરેલી છે. મને રકમ હાલ યાદ નથી.જે તા. ૪/૨/૧૫ ના રોજ ફેસલ થયેલ છે. એ વાત ખરી છે કે, અમોએ ફોજદારી કેસ નંબર ૪૭૨૮/૧૧ થી આરોપી ભીખાભાઈ જોઈતારામ પટેલ સામે પણ નેગોશીએબલ ઈ. એકટની કલમ ૧૩૮ મુજબની ફરીયાદ કરેલી છે. મને રકમ હાલ યાદ નથી. જે તા. ૧૨/૭/૨૨ ના રોજ લોક અદાલતમા ફેસલ થયેલ છે. એ વાત ખરી છે કે, અમોએ ફોજદારી કેસ નંબર ૪૨૪૦/૧૧ થી આરોપી મનીષભાઈ શંકરભાઈ પ્રજાપતી સામે પણ નેગોશીએબલ ઈ. એકટની કલમ ૧૩૮ મુજબની ફરીયાદ કરેલી છે. મને રકમ હાલ યાદ નથી. જે તા. ૨/૨/૨૦૧૫ના રોજ ફેસલ થયેલ છે. એ વાત ખરી છે કે, અમોએ ફોજદારી કેસ નંબર ૩૧૨૩/૦૯ થી આરોપી નંદકીશોર લક્ષમણભાઈપટેલ સામે પણ નેગોશીએબલ ઈ. એકટની કલમ ૧૩૮ મુજબની ફરીયાદ કરેલી છે. મને રકમ હાલ યાદ નથી. જે તા. ૧૧/૨/૨૩ ના રોજ લોક અદાલતમાં ફેસલ થયેલ છે.એ વાત ખરી છે કે, અમોએ ફોજદારી કેસ નંબર ૧૭૭૦/૦૯ થી આરોપી રાજેન્દ્રભાઈ સોલંકી સામે અન્ય એક ફરીયાદ પણ નેગોશીએબલ ઈ.એકટની કલમ ૧૩૮ મુજબની ફરીયાદ કરેલી છે. મને રકમ હાલ યાદ નથી. જે તા. ૦૯/૦૨/૧૭ ના રોજ લોક અદાલતમાં ફેસલ થયેલ છે. એ વાત ખરી નથી કે, આ સીવાય અન્ય એવા પણ લોકો છે જેમને મે નાણા ઉછીના આપેલ હોય અને સમયસર રકમ પરત કરેલ હોય જેથી તેમની સામે અમોએ કેસ કરેલા નથી. એ વાત ખરી નથી કે, મે આરોપીને આપેલ લીગલ નોટીસનો આરોપીએ સાચો અને ખરો જવાબ આપેલ છે. એ વાત ખરી નથી કે, આરોપીએ તેમના જવાબમાં જણાવેલ છે કે, તેમને તમારી સાથે કોઈ મિત્રતા નથી અને તમારી પાસેથી કોઈ રકમ ઉછીની લીધેલ નહી હોવા છતા તમે તેમના ગળે પડેલા છો. એ વાત ખરી નથી કે હાલના ફરીયાદ વાળા ચેકની તમામ વીગતો મે જાતે ભરેલી છે. એ વાત હુ કહી શકુ નહી કે, ચેકનો બોડી રાઈટીંગ તથા ચેકમા કરેલ સહી જુદી જુદી પેન થી અને જુદાજુદા હસ્તાક્ષરમા કરેલ છે.

પ્રશ્નઃ– ફરીયાદવાળા ચેકમા જે સહી છે તે આરોપીએ કરેલ નથી?

જવાબ:– આરોપીએ મારી રૂબરૂમા જાતે સહી કરેલ છે.

એ વાત ખરી છે કે આરોપીને અમોએ ચેકની રકમ ઉછીની આપી હોય તેવો કોઈ આધાર પુરાવો અમોએ હાલના કામે રજુ રાખેલ નથી. સાહેદ જણાવે છે કે

અમોએ ઓરોપીએ રકમની કાયદેસરની ચુકવણી માટે આપેલો ચેક રજુ રાખેલ છે. એ વાત ખરી નથી કે, રીટર્ન થયેલ ચેક અને રીટર્ન મેમો મે મારા વકીલને આપતા તેઓએ લીગલ નોટીસ જાતે તૈયાર કરેલી.એ વાત ખરી છે કે, હાલની ફરીયાદ તથા સોગંદનામું અમારા વકીલશ્રી એ તૈયાર કરેલું અને બે તેમા સહી કરેલી. સાહેદ જણાવે છે કે તેઓએ મારી સુચના મુજબ તૈયાર કરેલ હોય તો મારે સહી તો કરવી જ પડે ને. એ વાત ખરી નથી કે આરોપીએ મને આવો કોઈ ચેક આપેલ નહી હોવા છતાં મેં નીરવભાઈ પાસેથી આરોપીનો ચેક મેળવી નાણાં પડાવવા હાલની આ ખોટી ફરીયાદ કરેલ છે. એ વાત ખરી છે કે આ નીરવભાઈ સામે મે આજદીન સુધી ફરીયાદ કરેલી નથી."

ત્યારબાદ આ કામે **આંક–૩૬** થી આરોપી અશ્વિનકુમાર જયંતીલાલ પટેલની સરતપાસનું સોગંદનામું રજૂ છે. તેઓની ફરિયાદીના વિ.વ.શ્રી દ્વારા તેઓની તપાસ કરવામાં આવતા તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, "હુ સરકારી પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતો હતો અને હાલ નિવૃત્ત છુ. મને આંક–૨૭વાળો ચેક બતાવવામાં આવે છે જે જોઈને જણાવું છુ કે, આ ચેક એક્સીસ બેંક નડીઆદ શાખામાં આવેલ મારા બેંક ખાતાનો છે. એ વાત ખરી નથી કે, આ ચેક ઉપર જે સહી કરેલ છે તે મારી સહી છે. એ વાત ખરી નથી કે, મારૂ સરતપાસનુ સોગંદનામુ મારા વકીલશ્રીએ તૈયાર કરેલુ. મને નિશાની ૧૦/૧ બતાવવામાં આવે છે જે જોઈ જણાવું છુ કે, ફરિયાદી ધ્વારા આપવામાં આવેલ લીગલ નોટીસનો અમારા ધ્વારા આપવામાં આવેલ જવાબ છે. જેમાં હુ મારી સહી ઓળખી બતાવુ છુ. જે જવાબ ને રજુ દાખલ આંક–૫૩ આપવામાં આવે છે. હુ આ જવાબ વાંચીને જણાવુ છુ કે, મે મારી સરતપાસના સોગંદનામામાં ફરીયાદવાળો ચેક નીરવભાઈ પાસેથી મેળવીને બેંકમાં રજુ કરેલ છે, તેવી જે વિગત જણાવેલ છે તેવી કોઈ વિગત આ જવાબમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે, ફરીયાદવાળા ચેકમાં કરેલ સહી અમો આરોપી નથી તેવી કોઈ વિગત આ જવાબમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે, મે મારી સરતપાસના સોગંદનામામાં ફરીયાદવાળો ચેક નીરવભાઈ પાસેથી મેળવીને બેંકમાં રજુ કરેલ છે તે અંગે કોઈપણ અધિકૃત સત્તાધીકારી સમક્ષ ફરીયાદ આપેલ હોય તેવી કોઈ ફરીયાદ હાલના કામે રજુ રાખેલ નથી. સાહેદ જણાવે છે કે, અમોએ બેંકમાં તથા પોલીસમાં આ અંગે ફરીયાદ આપેલ છે જે અમો ના.કોર્ટ ફરમાવે ત્યારે રજુ રાખવા તૈયાર છીએ. એ વાત ખરી છે

કે, અમોએ નીરવભાઈને આપેલ ચેક તેમની પાસેથી પરત લેવા માટે નીરવભાઈને કોઈ નોટીસ આપેલ હોય તેવુ બનેલ નથી.એ વાત ખરી નથી કે, અમોએ હાલનો ફરીયાદવાળો ચેક ફરીયાદી પાસેથી લોન તરીકે નાણાં મેળવેલ હોય તેની ચુકવણી પેટે આપેલ છે.એ વાત ખરી નથી કે, ફરીયાદીને અમોએ ઉછીના લીધેલ નાણાંની ચુકવણી કરવી ના પડે માટે હાલનુ ખોટુ સોગંદનામુ રજુ રાખેલ છે અને તેના સમર્થનમાં આજરોજ ખોટી જુબાની આપુ છુ. એ વાત ખરી છે કે, નરેન્દ્રભાઈ બબાભાઈ પટેલ રહે. નડીઆદ વાળાઓએ મારી સામે નડીઆદની કોર્ટમાં રૂા.૫,૦૦,૦૦૦/–નો ચેક રીટર્ન થયા અંગેની ફરીયાદ કરેલી, મને આજરોજ ના. ચીફ જયુ.મેજી. કોર્ટ નડીઆદ ખાતેથી મેળવેલ ફોજદારી ઈન્કવાયરી નં.૨૨૧/૨૫ની પ્રમાણીત નકલ બતાવવામાં આવે છે જે જોઈને કહુ છુ કે, આ તે કેસની ફરીયાદની નકલ છે. ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયેલ હોય રજુ પ્રમાણીત નકલને આંકે પાડી પુરાવામાં દાખલ લેવા સામે બચાવપક્ષના વિ.વ. શ્રીનો વાંધો ધ્યાને લઈ રજુ દસ્તાવેજને રજુ દાખલ આંક–૬૨ આપવામાં આવે છે. એ વાત ખરી છે કે, સુબોધ દાનીયેલભાઈ ચાવડા રહે. નડીઆદવાળાઓએ મારી સામે નડીઆદની કોર્ટમાં રૂા.૫,૦૦,૦૦૦/–નો ચેક રીટર્ન થયા અંગેની ફરીયાદ કરેલી. મને આજરોજ ના. ચીફ જયુ.મેજી. કોર્ટ નડીઆદ ખાતેથી મેળવેલ ફોજદારી કેસ નં. ૩૦૫૯/૨૫ની પ્રમાણીત નકલ બતાવવામાં આવે છે જે જોઈને કહુ છુ કે, આ તે કેસની ફરીયાદની નકલ છે. ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયેલ હોય રજુ પ્રમાણીત નકલને આંકે પાડી પુરાવામાં દાખલ લેવા સામે બચાવપક્ષના વિ.વ. શ્રીનો વાંધો ધ્યાને લઈ રજુ દસ્તાવેજને રજુ દાખલ આંક–૬૩ આપવામાં આવે છે. એ વાત ખરી છે કે, સંજયકુમાર ગીરીશભાઈ બ્રમ્હભટ્ટ રહે. નડીઆદવાળાઓએ મારી સામે નડીઆદની કોર્ટમાં રૂા.૫,૦૦,૦૦૦/–નો ચેક રીટર્ન થયા અંગેની ફરીયાદ કરેલી. મને આજરોજ ના.ચીફ જયુ.મેજી.કોર્ટ નડીઆદ ખાતેથી મેળવેલ ફોજદારી કેસ નં.૩૫૯૮/૨૫ની પ્રમાણીત નકલ બતાવવામાં આવે છે જે જોઈને કહુ છુ કે, આ તે કેસની ફરીયાદની નકલ છે. ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયેલ હોય રજુ પ્રમાણીત નકલને આંકે પાડી પુરાવામાં દાખલ લેવા સામે બચાવપક્ષના વિ.વ.શ્રીનો વાંધો ધ્યાને લઈ રજુ દસ્તાવેજને રજુ દાખલ આંક–૬૪ આપવામાં આવે છે. એ વાત ખરી છે કે, નરેન્દ્રભાઈ બબાભાઈ પટેલ રહે. નડીઆદવાળાઓએ મારા પત્નિ સુધાબેન અશ્વિનભાઈ પટેલ સામે નડીઆદની કોર્ટમાં રૂા.૨,૦૦,૦૦૦/–નો ચેક રીટર્ન થયા

અંગેની ફરીયાદ કરેલી. મને આજરોજ ના.ચીફ જયુ. મેજી.કોર્ટ નડીઆદ ખાતેથી મેળવેલ ફોજદારી કેસ નં.૨૦૭૭/૨૫ની પ્રમાણીત નકલ બતાવવામાં આવે છે જે જોઈને કહુ છુ કે, આ તે કેસની ફરીયાદની નકલ છે. ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયેલ હોય રજુ પ્રમાણીત નકલને આંકે પાડી પુરાવામાં દાખલ લેવા સામે બચાવપક્ષના વિ.વ.શ્રીનો વાંધો ધ્યાને લઈ રજુ દસ્તાવેજને રજુ દાખલ આંક–૬૫ આપવામાં આવે છે. એ વાત ખરી છે કે, ઉપરોકત તમામ કેસો હાલ નડીઆદ કોર્ટમાં ચાલુ છે. એ વાત ખરી છે કે, મારો કેસો ચાલતા હોય અવાર નવાર કોર્ટમાં જવાનુ થાય છે.એ વાત ખરી નથી કે, ફરીયાદીએ મારી પાસે તેમના બાકી નાણાંની ઉઘરાણી કરતાં અમોએ પોલીસ સ્ટેશનમાં ખોટી અરજીઓ કરેલી.એ વાત ખરી નથી કે, ફરીયાદીને અમારે ચેકની રકમ ચુકવવી ના પડે તે માટે ખોટી વિગતોવાળુ સોગંદનામુ રજુ કરી તેના સમર્થનમાં ખોટી જુબાની આપુ છુ."

ત્યારબાદ આ કામે **આંક–૩૭** થી આરોપી તરફે સાક્ષી અર્જુનસિંહ ઉદેસિંહ ચૌહાણની સરતપાસનું સોગંદનામું રજૂ છે. તેઓની ફરિયાદીના વિ.વ.શ્રી દ્વારા તેઓની તપાસ કરવામાં આવતા તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, " મેં સ્નાતક સુધીનો અભ્યાસ કરેલ છે. હુ પદ્મ‍ાવતી રેસીડેન્સી, ડભાણ રોડ, નડીઆદ ખાતે રહુ છુ. આ કામના આરોપી મંજીપુરા રોડ ઉપર આપેલ સોસાયટીમાં રહે છે. મને તેમનુ પોસ્ટલ એડ્રેસ ખબર નથી. હું તેમને ત્યા ગયેલ છુ. એ વાત ખરી છે કે, નડીઆદના શિક્ષકો સાથે અમારે જીલ્લા પંચાયત કચેરી ખાતે ઉઠક બેઠક થતી હતી તેવી વિગત મેં મારી સરતપાસમાં જણાવેલ છે પરંતુ શા કારણે અમારે આવી ઉઠક બેઠક થતી હતી તેની કોઈ વિગત મે જણાવેલી નથી. મારી મોબાઈલની દુકાન છે. જે જ.ઈ.બી. રોડ, ડભાણ રોડ ખાતે આવેલી છે. એ વાત ખરી છે કે,હુ દીવસ દરમ્યાન મારી જી.ઈ.બી. રોડ, ડભાણ ખાતે આવેલી દુકાને બેસુ છુ. એ વાત ખરી નથી કે, જી.ઈ.બી. રોડ ડભાણ અને જીલ્લા પંચાયત કચેરી એક બીજાથી દુર આવેલી છે.એ વાત ખરી છે કે, મને આજરોજ જુબાની આપવા અંગે ના. કોર્ટનો કોઈ સમન્સ મળેલ નથી હું આરોપી અશ્વિનભાઈના કહેવાથી કોર્ટમાં જુબાની આપવા આવેલ છુ. અશ્વિનભાઈ કઈ શાળામાં નોકરી કરેછે તેની મને ખબર નથી. નીરવભાઈ ભગુભાઈ પટેલ કઈ શાળામાં નોકરી કરતા હતાં તેની મને ખબર નથી. મને નીરવભાઈનુ એડ્રેસ ખબર નથી. એ વાતની મને ખબર છે કે, સરકારી શાળાના શિક્ષકોની લોન સરળતાથી અને ઝડપથી પાસ થતી હોય છે. એ વાત ખરી છે કે,

આરોપી અશ્વિનભાઈ મારા મીત્ર થાય છે. એ વાત ખરી નથી કે, એ વાત ખરી નથી કે, અશ્વિનભાઈ મારા મીત્ર થતા હોય તેમના કહેવાથી સરતપાસનુ ખોટુ સોગંદનામુ રજુ કરી તેના સમર્થનમાં આજરોજ ખોટી જુબાની આપુ છુ."

(૧૨) હાલના કામે ફરીયાદીએ આંક–૧ થી હાલની ફરીયાદ દાખલ કરેલ છે તેમજ તેના સમર્થનમાં આંક–૦૩ વાળા દસ્તાવેજી પુરાવા લીસ્ટથી આંક–૨૭ થી આંક –૩૩ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ છે. આંક–૧૩ વાળા દસ્તાવેજી પુરાવા લીસ્ટથી આંક–૧૫ થી આંક –૨૬ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ છે. તેમજ આરોપી તરફે મૌખીક અને દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલ છે જેમાં આંક–૩૬ તથા ૩૭ થી સરતપાસના સોગંદનામા તેમજ આંક–૩૯ થી દસ્તાવેજી પુરાવા લીસ્ટથી આ રજુ આંક–૪૧ થી ૫૧ સુધીના દસ્તાવેજી પુરાવા જેમાં આરોપીએ આ કામના ફરીયાદીએ અન્ય આરોપી સામે કરેલ ફરીયાદોની નકલો રજૂ છે. તેમજ આરોપીએ પોતાની બેંકમાં અને પો.સ્ટેમાં ચેક ગુમ થયાની ફરીયાદ નોંધાવેલ તે આંક–૫૭ થી ૫૯ સુધી રજૂ છે તેમજ આરોપીએ પોતાની ઉલટતપાસમાં સ્વીકારેલ હકીકતો અન્વયે અન્ય દસ્તાવેજી પુરાવા આંક–૬૨ થી ૬૪ સુધી રજૂ છે તથા આંક–૬૭ થી લેખિત દલીલો રજૂ કરેલ છે. તેમજ જે પૈકી આંક–૨૭ વાળો ચેક આરોપીએ ફરીયાદીને તેના કાયદેસરના દેવા પેટે આપેલાનુ જણાવેલ છે. વધુમાં આરોપી ઘ્વારા ફરીયાદીની કરવામાં આવેલ ઉલટ તપાસમાં એવો બચાવ લેવામાં આવેલ છે કે, આરોપીએ તેઓને હાલનો ફરીયાદ વાળો ચેક સદર રકમની સીકયુરીટી પેટે આપેલો ચેક છે.

વધુમાં આરોપીએ પોતાની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે, તેઓએ નીરવભાઈને આપેલ ચેક તેમની પાસેથી પરત લેવા માટે નીરવભાઈને કોઈ નોટીસ આપેલ હોય તેવુ બનેલ નથી.એ વાત ખરી નથી કે, તેઓએ હાલનો ફરીયાદવાળો ચેક ફરીયાદી પાસેથી લોન તરીકે નાણાં મેળવેલ હોય તેની ચુકવણી પેટે આપેલ છે. તેમજ ફરીયાદીને બચાવપક્ષે ઉલટ તપસામાં પુછવામાં આવતા તેઓએ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે આરોપીએ મને હાલનો

ફરીયાદ વાળો ચેક સદર રકમની સીકયુરીટી પેટે આપેલો ચેક છે. આમ સદર ચેક આરોપીએ આપેલ હોવાનુ જણાઈ આવે છે. વધુમાં સદર ચેક ઉપર કરવામાં આવેલ આરોપીની સહી અંગે પણ આરોપી ધ્વારા કોઈ બચાવ લેવામાં આવેલ નથી. આમ આરોપી ધ્વારા આંક –૨૭ વાળા ચેકમાં પોતાની સહી કરી કાયદેસરના દેવા પેટે ફરીયાદીને આપેલ હોવાનુ સ્પષ્ટપણે જણાય આવે છે. વધુમાં ફરીયાદ પક્ષે આરોપીની ઉલટ તપાસમાં પુછેલ પ્રશ્નો અને રજુ રાખેલ પુરાવા ધ્યાને લેતા, આરોપી અવાર નવાર જુદા જુદા લોકો પાસેથી ઉછીની રકમ મેળવી તેની સામે ચેક આપતા હોવાનુ અને ચેક રીટર્ન કરાવતાં હોવાનું પણ રેકર્ડ ઉપરથી સાબિત થાય છે. આમ, ઉપર ચર્ચા કરી તે મુજબ તેઓએ લીધેલ કોઈ પણ બચાવ માનવાને કોઈ પણ પુરતા કારણ જણાઈ આવતા નથી. આમ આરોપી સામે નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ– ૧૧૮ તથા ૧૩૯ મુજબ કરવામાં આવેલ પુર્વાનુમાનનુ ખંડન કરવામા તેઓ સદંતર નિષ્ફળ નિવડેલ હોવાનુ જણાય આવે છે.

(૧૩) આ તબકકે કાયદાની કલમ ૨૦ ધ્યાને લેવામાં આવે તો સ્ટેમ્પવાળુ અધુરુ ખત અંગે પુર્વાનુમાનની જોગવાઈ કરવામાં આવેલ છે જયારે **કોઈ એક વ્યકિત તેના ઉપર સહી કરીને બીજી વ્યકિતને સોંપે ત્યારે તે વ્યકિત, તેથી તે ખતના ધારકને તેના ઉપર વધુમાં વધુ તે સ્ટેમ્પની મર્યાદામાં હોય તેટલી અને તેમાં નિર્દિષ્ટ કરેલ રકમ તે યથાપ્રસંગ વટાઉખત બનાવવાનો અથવા પુરૂ કરવાનો પ્રથમ દર્શનીય અધિકાર આપે છે.** જે નીચે મુજબ છે.

''કલમ–૨૦'' સ્ટેમ્પવાળું અધુરૂ ખત''–

વટાઉખત સબંધી ભારતમાં તે સમયે અમલમાં હોય તેવા કાયદા અનુસાર સ્ટેમ્પવાળા કાગળ તદ્દન કોરા રાખીને અથવા તેના ઉપર અધુરૂ વટાઉખત લખીને કોઈ એક વ્યકિત તેના ઉપર સહી કરીને બીજી વ્યકિતને સોંપે ત્યારે તે વ્યકિત, તેથી તે કાગળના ધારકને તેના ઉપર વધુમાં વધુ તે સ્ટેમ્પની

<u>**મર્યાદામાં હોય તેટલી અને તેમાં નિર્દિષ્ટ કરેલી રકમ તે યથાપ્રસંગ વટાઉખત બનાવવાનો અથવા પુરૂ કરવાનો પ્રથમ દર્શને અધિકાર આપે છે. એ રીતે સહી કરનાર વ્યકિતએ જે હેસિયતમાં વટાઉખત ઉપર સહી કરી હોય તે હેસિયતમાં તે વ્યકિત, તે સિવાયની કોઈ પણ વ્યકિત તે ખત સોંપનાર વ્યકિત પાસેથી તે ખત હેઠળ જેટલી રકમ આપવાનો તેનો ઈરાદો હોય તેથી વધુ રકમ વસૂલ કરી શકશે નહી.''**</u>

આ તબકકે કાયદાની કલમ ૧૩૯ ની જોગવાઈ વંચાણે લેવામાં આવે તો તેમાં જોગવાઈ કરવામાં આવેલ છે કે, <u>**વિરુધ્ધની હકિકત સાબિત ન થાય ત્યાં સુધી એવું માનવામાં આવશે કે ચેક ધારણ કરનારે તે ચેક કલમ ૧૩૮ માં દર્શાવ્યા મુજબ કોઈ દેવાના અથવા અન્ય જવાબદારીના પુરેપુરા અથવા તેના કોઈ ભાગમાંથી બોજા મુકત થવાના બદલામાં ચેકના આપનાર પાસેથી ચેક મેળવ્યો હશે.**</u>

સદર જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો કલમ ૧૩૯ ના અનુમાનનું ખંડન કરવાની જવાબદારી આરોપીની છે. વધુમાં નામદાર સુપ્રિમ કોર્ટે <u>Bir Singh – Appellant Versus Mukesh Kumar – Respondent 2019 0 Supreme(SC) 126</u> ના ચુકાદામાં જણાવેલ છે કે, કલમ ૨૦, ૮૭, ૧૩૯ જોગવાઈ પ્રમાણે જયારે કોઈ વ્યકિત ચેક પર સહી કરી અને અન્ય વ્યકિતને આપે તો તે જવાબદાર બને છે સિવાય કે ચેક આપનાર યોગ્ય પુરાવો રજુ કરી તેનુ ખંડન કરે. વધુમાં ચેક આપનારે માત્ર તેમાં સહી કરેલ હોય અને તેની વિગતો ચેક આપનાર સિવાય અન્ય ધ્વારા ભરવામાં આવેલ હોય અને ચેક યોગ્ય સહી કરીને આપવામાં આવેલ હોય અને અન્ય રીતે તે કાયદેસર હોય તો પણ કલમ ૧૩૮ લાગુ પડશે જે નીચે મુજબ છે.

> <u>"36. The proposition of law which emerges from the judgments referred to above is that the onus to rebut the presumption under Section 139 that the cheque has been issued in discharge of a debt or liability is on the accused and the fact that the cheque might be post</u>

<u>dated does not absolve the drawer of a cheque of the penal consequences of Section 138 of the Negotiable Instruments Act.</u>

<u>37. A meaningful reading of the provisions of the Negotiable Instruments Act including, in particular, Sections 20, 87 and 139, makes it amply clear that a person who signs a cheque and makes it over to the payee remains liable unless he adduces evidence to rebut the presumption that the cheque had been issued for payment of a debt or in discharge of a liability. It is immaterial that the cheque may have been filled in by any person other than the drawer, if the cheque is duly signed by the drawer. If the cheque is otherwise valid, the penal provisions of Section 138 would be attracted.</u>

<u>38. If a signed blank cheque is voluntarily presented to a payee, towards some payment, the payee may fill up the amount and other particulars. This in itself would not invalidate the cheque. The onus would still be on the accused to prove that the cheque was not in discharge of a debt or liability by adducing evidence."</u>

ઉપરોકત ઠરાવ્યા મુજબ જયારે ચેક ઉપરની સહી આરોપીની હોય તે સાબિત થતું હોય ત્યારે તે ચેક કાયદેસરના દેવા પેટે આપેલ છે તેવુ માનવાને અનુમાન અદાલતે કરવાનુ રહે છે, માત્ર ચેકની સહી સિવાય અન્ય હસ્તાક્ષર અન્ય વ્યકિતના છે તેઓ બચાવ લેવાથી પણ તે એફ.એસ.એલ.માં ચકાસણી અર્થે મોકલવાની વારંવાર રજુઆતથી બચાવ પક્ષે કલમ–૧૩૯ તથા કલમ–૧૧૮ મુજબ અનુમાનનું ખંડન કરેલ છે તેવુ માની શકાય નહી. આમ, બચાવ પક્ષ આ પ્રમાણેના આધાર પુરાવાથી પોતે રજુ કરેલ બચાવ દ્વારા આરોપી સામેના અનુમાનનું ખંડન કરવામાં સંદતર નિષ્ફળ નિવડેલ છે અને ફરીયાદવાળા ચેક ઉપરની સહીઓ આરોપીની પોતાની હોવાનુ સાબિત થાય છે. ત્યારે ફરીયાદ પક્ષ પોતાનો કેસ શંકાથી પર જઈ સાબિત કરવામાં સફળ રહેલ હોવાનુ અત્રેની અદાલતુંન સ્પષ્ટપણે માનવું છે.

(૧૪) વધુમાં **<u>એ.આઈ.આર.૨૦૧૦(સુપ્રિમ કોર્ટ) ૧૮૯૮ રંગપ્પા વિરુઘ્ધ શ્રી મોહન</u>** ના ચુકાદાથી નામ. સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે કે, કલમ–૧૩૯ ના અનુમાનમાં

કાયદાકીય અમલને પાત્ર વ્યવહાર અથવા તો જવાબદારીનું અસ્તિત્વ હોવાનો સમાવેશ થાય છે. સરદ અનુમાન એ અસ્તિત્વ ન હોવા બાબતે પોતાનો બચાવ રજૂ કરી શકે છે. પરંતુ ફરીયાદીને લાભ કરે તેવુ પ્રારંભિક અનુમાન હોવા બાબતે કોઈ શંકા નથી. કલમ–૧૩૯ નો સમાવેશ કાયદા ઘડનાર ધ્વારા વટાઉખતની વિશ્વસનીયતામાં સુધારો કરવાના આશયથી કરવામાં આવ્યો છે કે કલમ–૧૩૮ ધ્વારા ચેકનો અસ્વિકાર થયાના કિસ્સામાં સખત ફોજદારી ઉપાય મળે, જયારે કલમ–૧૩૯ માં કરવામાં આવેલ ખંડનાત્મક અનુમાનની જોગવાઈ ઈન્સાફી કાર્યવાહીમાં થતો વિલંબ અટકાવવા માટે છે. તેમ છતાં યાદ રાખવુ જરૂરી છે કે, કલમ–૧૩૮ ધ્વારા સજાને પાત્ર ગુનાને રેગ્યુલેટરી ઓફેન્સ તરીકે ઉલ્લેખવો જોઈએ. કારણ કે ચેકનો અસ્વિકાર થવો એ મોટાભાગે દીવાની અપકૃત્ય હોય છે અને જેની અસર મોટા ભાગે વ્યાપાર સાથે સંકળાયેલ હોય તેવા ખાનગી પક્ષકારો ઉપર થાય છે. તે કારણસર આરોપી ઉપર જે ખંડનાત્મક પુરાવાનો બોજો છે તે નાહક ઉચ્ચ ધોરણો દર્શાવતી સાબિતીનો હોવો જોઈએ નહી. જે હકિકત ધ્યાને લેતા જયારે આરોપીએ અનુમાનનું ખંડન કરવાનુ હોય ત્યારે સાબિતીનુ ધોરણ પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીથી થવુ જોઈએ. માટે જયારે આરોપી કાયદાકીય રીતે અમલને પાત્ર હોય તેવું દેવું અથવા જવાબદારી સામે શંકા ઉપસ્થિત થાય તેવો બચાવ ઉભો કરવામાં સફળ થાય તો ફરીયાદ પક્ષનો કેસ નિષ્ફળ થઈ શકે. આરોપી આવો બચાવ ઉભો કરવા માટે ફરીયાદ પક્ષ તરફથી જે સામગ્રી રજૂ કરવામાં આવેલ હોય તેના ઉપર આધાર રાખી શકે અને તે સંજોગોમાં અમુક કેસમાં આરોપીએ પોતાનો પુરાવો રજુ કરવો જરૂરી હોતો નથી. વધુમાં સદર ચુકાદાથી એવો પણ સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે, કલમ–૧૩૯ અન્વયેના અનુમાનનું ખંડન કરવા માટે આરોપી તરફે જે બચાવ લેવામાં આવ્યો હોય તે બચાવ સામાન્ય બુધ્ધી ધારણ કરનાર માણસ સ્વીકારી શકે તેવો સભાવિત બચાવ હોવો જોઈએ. સબબ સદર ચુકાદાથી પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત અનુસાર હાલના કેસમાં

પણ તકરારી ચેક આરોપીએ પોતાના કાયદેસર રીતે અમલને પાત્ર થઈ શકે તેવાં દેવા કે જવાબદારીની ચુકવી પેટે આપ્યો હોવાનુ અનુમાન કરવામાં આવેલ છે.

હવે એ નકકી કરવાનુ રહે છે કે, આરોપીએ સદર અનુમાનનું ખંડન કરેલ છે કે કેમ? જો આરોપીએ અનુમાનનું ખંડન કર્યાનુ પ્રસ્થાપિત થાય તો તકરારી ચેક અંગે કોઈ કાયદેસરની લેણી રકમ હતી તેવી હકિકત પુરવાર કરવા અંગે સાબીતીનો બોજો ફરીયાદીના શીર ઉપર સિફ્ટ થાય તેમ છે. આ કામે આરોપી તરફે જે પુરાવો રજુ થયેલ છે તેનાથી ફરીયાદની વિગતો તેમજ ફરીયાદીના મૌખિક પુરાવાનુ કોઈ ખંડન કરવામાં આવ્યુ નથી. જેથી આરોપી તરફે ફરીયાદી વિરુધ્ધ અથવા તો રેકર્ડ ઉપર રહેલી સામગ્રી ધ્વારા સદર સ્ટેચ્યુટરી અનુમાનનું ખંડન થયેલ નથી. ઉપરોકત **એ.આઈ.આર.૨૦૧૦(સુપ્રિમ કોર્ટ) ૧૮૯૮ રંગપ્પા વિરુધ્ધ શ્રી મોહનના ચુકાદા**થી પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત અનુસાર આરોપીએ આ કામે લીધેલ બચાવ સંભવિત બચાવ છે કે કેમ, તે પણ નકકી કરવાનુ રહે છે. તે હકિકત નકકી કરવા માટે હાલના કેસમાં આરોપી તરફે ઉલટ તપાસ દરમિયાન તેમજ દલીલો દરમિયાન ઉપસ્થિત કરેલ બચાવ ધ્યાને લેવાના રહે છે. પરંતુ આ કામે આરોપી તરફે કોઈ યોગ્ય અને વ્યાજબી પુરાવો રજુ થયેલ ન હોય ત્યારે આરોપી તરફે કલમ–૧૩૯ ના અનુમાનનું કોઈ વ્યાજબી ખંડન થયેલ નથી.

(૧૫) આમ, ઉપરોકત ચર્ચા કરી તે મુજબ ફરીયાદીની જુબાની તથા ફરીયાદી તરીકે રજુ કરવામાં આવેલ તમામ દસ્તાવેજી પુરાવા ધ્યાને રાખતાં ફરીયાદીનું કાયદેસરનું લેણુ પુરવાર થાય છે. આરોપી તરફે કલમ–૧૩૯ અને કલમ–૧૧૮ ના અનુમાનનું કોઈ વ્યાજબી સબળ પુરાવાથી ખંડન કરેલ નથી. વધુમાં સબબ તકરારી ચેક સમય મર્યાદામાં બેંકમાં જમા કરાવેલ હોવાનુ તથા તે ચેક **“ફંડ ઈન શફીશિયન્ટ”** ના શેરા સાથે વગર સ્વીકાર્યે પરત ફરેલ હોવાનુ જણાઈ આવે છે. આરોપી તરફે તેમના એકાઉન્ટમાં પુરતી રકમ જમા ન હોવા છતા ફરીયાદીની તરફેણમાં કાયદેસરના લેણા પેટે ચેક ઈશ્યું કરેલ હોવાનુ જણાઈ

આવે છે. વધુમાં ફરીયાદીએ સમય મર્યાદામાં આરોપીને નોટીસ મોકલાવેલ હોવાનું અનુમાન કરી શકાય તેમ છે અને આરોપીને નોટીસ બજી ગયેલ હોવા છતાં આરોપીએ સમય મર્યાદામાં રકમ ચુકવેલ ન હોઈ ફરીયાદીએ સમય મર્યાદામાં હાલની ફરીયાદ આરોપી વિરુધ્ધ કરેલ હોવાનું પુરવાર થાય છે.

(૧૬) ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪ ધ્યાને લેવામાં આવે તો સ્પેશીયલ એકટમાં કરવામાં આવેલ સજાની જોગવાઈને આધારે તે મુજબ કોર્ટને આરોપીને તકસીરવાન ઠરાવવાની અને દંડ કરવાની સત્તા છે. તેમજ આરોપીની ઉંમર, તેમની કૌટુંબિક જવાબદારી વગેરે ધ્યાને લેતા. બે વર્ષ પુરેપુરી સજા કરવી યોગ્ય જણાય છે. સામાન્ય રીતે સજાની માત્રા કેટલી હોવી જોઈએ તે બાબતે નામદાર વડી અદાલત તથા નામદાર સર્વોચ્ચ અદાલતના માર્ગદર્શક ચુકાદાઓ ઉપલબ્ધ છે. તે મુજબ સજા અત્યંત હળવી ન હોવી જોઈએ તેમજ સાથોસાથ અત્યંત કઠોર પણ ન હોવી જોઈએ. ગુનાની ગંભીરતા, તેના સંજોગો, આરોપીનું વર્તન, તેનો સામાજિક દરજ્જો, તે કયા સમાજમાંથી આવે છે તે વગેરે હકિકતોને ધ્યાને લઈ સજા અંગેનો નિર્ણય કરવાનો રહે છે. નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટમાં સદર જોગવાઈ સુધારાથી દાખલ કરવા પાછળનો લેજીસ્લેચરનો હેતું બેંકોનુ કામકાજ તેના નિયમોનુસાર કોઈ પણ જાતના અવરોધ વિના સતત અવિરતપણે ચાલુ રહે તે માટેનો છે. તે ઉપરાંત નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ કે જેમાં ચેક પ્રોમીસરી નોટ વેગેરનો સમાવેશ થાય છે. તેનો અવિરતપણે સતત ઉપયોગ ચાલતો રહે અને લોકોનો વિશ્વાસ તે વ્યવસ્થામાં ટકી રહે તે અંગેનો છે. સદરહું આરોપીએ કાયદેસરના દેવાની ચુકવણી અર્થે ચેક આપ્યો છે. જે ચેક **"ફંડ ઈન શફીશિયન્ટ"** ના શેરા સાથે વગર સ્વીકારે પરત ફરેલ છે. આમ, આરોપીએ પોતાના એકાઉન્ટમાં પુરતી રકમ ન હોવા છતાં આરોપીએ ફરીયાદીની તરફેણમાં કાયદેસરના લેણા પેટે ચેક ઈશ્યુ કરેલ હોવાનુ ફલીત થાય છે. તેથી તે કાયદા પાછળનો હેતુ ધ્યાને લેતા આવા કેસમાં આરોપી

પ્રત્યે દયા રાખવી ન જોઈએ અને સમાજમાં દાખલો બેસે અને લોકોનો બેંકીગ વ્યવસ્થામાં વિશ્વાસ ટકી રહે તે માટે આરોપીને ચોકકસપણે સજા કરવી જોઈએ તેમ હું માનુ છુ. કારણ કે, કાયદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત અનુસાર કાયદા ઘડવા પાછળનો ધારાસભાના ઈરાદાનો અસરકારક અમલ તે અદાલતની મુખ્ય ફરજ બની રહે છે અને જો તે મુજબ કરવામાં ના આવે તો લોકોનો બેંકીગ વ્યવસ્થામાં થી વિશ્વાસ ઉઠી જશે અને લોકો ચેકોનો બેફામ દુરપયોગ કરતાં થઈ જશે અને તે કારણે ભારતીય અર્થતંત્ર જે વિકાસશીલ અર્થતંત્ર છે તેને નુકશાન થાય તેવી સંભાવનાઓને નકારી ન શકાય અને તેની તે બધી હકીકતોને ધ્યાનમાં લેતા આરોપીને પ્રોબેશનનો લાભ આપવો પણ યોગ્ય અને વ્યાજબી જણાતું નથી.

(૧૭) વધુમાં **૨૦૧૩(૧) જી.એલ.આર. ૨૨૨, આર.મોહન વિરુધ્ધ એ.કે.વિજયાકુમાર** ના કેસનો ચુકાદો ધ્યાને લેતાં, નામદાર સુપ્રિમ કોર્ટે સદર એકટની કલમ ૧૩૮ અન્વયે સજાને પાત્ર ગુનાની કેસની ઈન્સાફી કાર્યવાહીમાં આરોપીને સજા ફરમાવતી વખતે સંહિતાની કલમ–૩૯૫ અન્વયે ફરીયાદીને વળતર તરીકે યોગ્ય રકમ ચુકવવાનો હુકમ કરવાની હિમાયત કરી છે. જે ધ્યાને લેતા ફરીયાદીને યોગ્ય વળતર અપાવવું ન્યાયોચીત જણાતું હોય. તેમજ નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા નીચે મુજબના લેન્ડમાર્ક જજમેન્ટમાં નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ તળેના કેસોમાં પ્રસ્થાપિત કરવામાં આવેલ ચુકાદાઓ જેમાં ***(1) Afcons Infrastructure Ltd. & Anr. v. Cherian Varkey Constructions Co. Pvt. Ltd, (2010) 8 SCC 24*** **તથા** ***(2) M/S Meters And Instruments Private ... vs Kanchan Mehta on 5 October, 2017*** માં પ્રસ્થાપિત સિંધ્ધાતો ધ્યાને લઈ હાલના કામે **''મુદ્દા નં. ૧''** નો જવાબ ''હકારમાં'' આપી જેથી **''મુદ્દા નં. ૨''** પરત્વે ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

– આ ખ રી હુ ક મ –

(૧) આ કામના આરોપી **અશ્વિનકુમાર જયંતીલાલ પટેલ**, ઉ.વ.પુખ્ત,

ધંધો–વેપાર, રહે.એ–૮, અમરનાથ–૨, પુનેશ્વર મહાદેવ પાસે, કપડવંજ રોડ, મુ–પો–નડીઆદ, તા.નડીઆદ જી.ખેડાનાઓને ભારતીય નાગરીક સુરક્ષા સં હિતાની કલમ– ૨૭૮(૨) અન્વયે નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧ ૩૮ મુજબના શિક્ષાને પાત્ર ગુનામાં તકસીરવાર ઠરાવી ૨(બે) વર્ષની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીને તકરારી ચેકની રકમથી બમણી રકમ રૂપિયા ૧૦,૦૦,૦૦૦ × ૨ = ૨૦,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા વીસ લાખ પુરા) દંડ તરીકે જમા કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(૩) જો આરોપી આ દંડની રકમ ચુકવવામાં નિષ્ફળ જાય તો આરોપીએ વધુ ૬ (છ) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આરોપીએ દંડની રકમ અત્રેની અદાલતમાં જમા કરાવ્યેથી આ કામના ફરીયાદીએ પોતાની ઓળખનો આધાર–પુરાવો અત્રેની અદાલતના નાઝીરશ્રી સમક્ષ રજુ કર્યેથી તે રકમ ફરીયાદીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૩૯૫ મુજબ વળતર પેટે ચુકવી આપવાનો અત્રેની અદાલતના નાઝીરશ્રીને હુકમ કરવામાં આવે છે.

(૫) ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૦૪ અન્વયે આરોપીને હુકમની એક નકલ વિના મુલ્યે પુરી પાડવી.

(૬) આરોપી તર્ફેના જાતમુચરકા તથા જામીનખત રદ્દ ગણવા.

આ હુકમ આજ રોજ તા.૨૪ મી, માહે એપ્રિલ, સને ૨૦૨૬ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

વસો.

તા.૨૪/૦૪/૨૦૨૬

(સૌમિત્ર સુબોધભાઈ ત્રિવેદી)
જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
વસો. (કોડ નં.જી.જે.૦૧૪૨૫)